## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



કકળાટ ન જોઈએ... મે જ્ઞાન લઈ લીધું છે... ગુરૂજીએ કહ્યું કે જીવનમાં અમુક વસ્તુ દારૂથી પણ ખરાબ છે... એટલે પીવાનું ચાલુ રાખવું એવું મેં નક્કી કરી લીધું છે....

# આલમપુર હોલસેલ શાક માર્કેટમાં ખેડુતો માટે પાર્કિંગના કારણે ભારે હાલાકી

ગાંધીનગર તા,૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે છેલ્લા દશ વર્ષથી શાકભાજીનું હોલસેલ બજાર આવેલુંછે. ગાંધીનગર-ચિલોડા માર્ગપર આલમ્પુર ગામ ખાતે નવું હોલસેલ માર્કેટ નિર્માણ કરાયું છે. પરંતુ શાકભાજી વેચવા માટે આવતા ખેડુતો માટે યોગ્ય પાર્કિંગ ન હોવાથી વેપારીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. સે.૨૪ ના વેપારીઓ અત્યારે હાલ કાર્યરત માર્કેટ છોડી નવિન હોલસેલ માર્કેટમાં જવા તૈયાર નથી. વેપારીઓએ તંત્ર સમક્ષ રજુઆત કરીને ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન કરી છે.

ગાંધીનગર શહેરમાં સેકટર-૨૧માં તંત્ર દ્વારા શાકમાર્કેટ બનાવવામાં આવ્યું છે. નગરના સૌથી મોટા શાકભાજી બજારમાં વર્ષ-૧૯૮૧થી હોલસેલ શાક અને ફ્રુટનું બજાર અસ્તિત્વમાં આવ્યું છે. શહેરમાં વસ્તી વધારો થતા અને નગરનો વિકાસ થતા સેકટર-૨૧નું શાકમાર્કેટમાં નગરવાસીઓનો ધસારો વધવા લાગ્યો જેને પરિણામે ટ્રાફીકની સમસ્યા ઉદ્ભવી હતી. તંત્ર સમક્ષ અનેકવાર રજુઆતો નાગરીકો દ્વારા કરવામાં આવતા જીલ્લા કલેકટર અને માર્ગ મકાન વિભાગ દ્વારા હોલસેલ બજાર સે.૨૪ ખાતે ખસેડવામાં આવ્યું હતું. સે.૨૧ ખાતે તકલીફ પડતી હતી. હોલસેલ વેચાણ હોવાથી વાહનનો ખડકલો જમા થઈ જતો હતો. સે,૨૪ ખાતે છેલ્લા નવ વર્ષથી હોલસેલ બજાર શાકભાજીનું ભરાય છે. સેકટર-૨૪માં મોકળાશવાળી જગ્યા હોવાથી શાકમાર્કેટનું નિર્માણ કરવામાં આવ્યું છે.એપીએમસીના હોદેદારો દ્વારા સે.૨૪માંથી વેપારીઓને ત્યાં ખસેડવા માટે રાજકીય અને તંત્રના અધિકારીઓ દ્વારા દબાણ કરાવામાં આવે છે. પરંતુ વેપારીઓ ત્યાં જવા



૨૫ વર્ષ સુધી વેપાર કરવા છતા વેપારીઓ સે.૨૪ માં હોલસેલ માર્કેટ શરુ કર્યું છે. કારણકે ટ્રાફીકનો પ્રશ્ન તેઓને પણ સતાવતો હતો. ખેડુતો હોલસેલ માર્કેટમાં માલવાહન વાહનો લઈને આવતા હોવાથી દરેકને વેપારીઓ તેમજ ગ્રાહક કે શાકભાજી લઈને આવતા ખેડુતોને કોઈ તકલીફનો સામનો કરવો પડતો નથી. વાહનો પાર્ક કરવાની જગ્યા પણ સાનુકુળ છે. પરંતુ ગાંધીનગર-ચિલોડા માર્ગ પર હોલસેલ માટે તૈયાર નથી આ અંગે વાતચીત કરતા હોલસેલ વેજીટેબલ એન્ડ ફ્રુટ વેલફેર એસાસીએશનના પ્રમુખ વિનુભાઈ જયસ્વાલ જણાવે છે કે આલમપુર નિર્માણ પામેલ હોલસેલ માર્કેટમાં શાકભાજીના વેચાણ અર્થે આવતા ખેડુતો માટે યોગ્ય પાર્કીગ વ્યવસ્થા નથી. આલમપુર ગામ તરફનો માર્ગ સાંકળો છે તેમજ આસપાસમાં આર્મી, બીએસએફ, સીઆરપીએફના કેમ્પ આવેલા છે. આ વિસ્તારમાં કોઈપણ વાહન લાંબો સમય સુધી ઉભી રહી શકે નહી તેવી પરિસ્થિત છે. જયારે હોલસેલ બજારની આસપાસની જમીન વાવણી લાયક છે જયા ખેડુતો દ્વારા ખેતી થાય છે. આવા સંજોગોમાં વાહનો ભરીભરીને શાકભાજી લઈને આવતા ખેડુતો પાર્કીગ કયાં કરે તે પ્રશ્ન સતાવી રહ્યો છે. આલમપુર માર્કેટમાં આડેધડ વાહનો પાર્કીગ થાય તો રોજ ઝઘડાના દ્રશ્યો સર્જાય તેવી સ્થિત છે ત્યારે સેકટર ૨૪ શાકમાર્કેટમાંથી વેપારીઓ જવા માટે તૈયાર નથી. આ અંગે અમે તંત્ર સમક્ષ રજુઆત પણ કરી છે અને હાઈકોર્ટમાં પીટીશન પણ દાખલ કરી છે.તેમજ વેપારીઓને યોગ્ય ન્યાય નહીં મળે તો વેપારીઓ ઉગ્ર આંદોલન કરવાના મુડમાં છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતના વરાયેલા પ્રમુખ શ્રી રામાજી ઠાકોરને આજે તેમના જ પરિવારે હોદ્દાનો ચાર્જ સંભાળતા 'એપલ' મોબાઈલની આશ્ચર્યજનક ગિફટ આપી સૌને ચોંકાવી દીધી હતા.

● પંચાયત પ્રમુખનો હોદો સંભાળ્યો તે પૂર્વે રામાજી ઠાકોર ધારાસભ્યો શ્રી બળદેવજી ઠાકોર, શ્રી અમીત ચૌધરી પૂર્વ ધારાસભ્યશ્રી બાબુજી ઠાકોર, શ્રી સુરેશભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પ્રમુખ શ્રી જશુભા રાણા સાથે બાંધકામ સમિતિના ચેરમેનની ચેમ્બરમાં બેઠા હતા.

● જિલ્લા તંત્ર દ્વારા ગુણોત્સવ અને રવિ કૃષિ મહોત્સવની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

● શ્રેષ્ઠ ગ્રામસભાના એવોર્ડ માટેની પસંદગી માટે આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે બેઠક મળી હતી.

● જી-સ્વાનનું નેટવર્ક ધીમુ ચાલતુ હોવાની તેમજ વારંવાર તેની સેવાઓ ખોરવાઈ જવાની ફરિયાદો વધવા પામી છે.

● ગુણોત્સવને લઈ આજે રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ભાજપના અગ્રણીઓને પણ કમલમ ખાતે સંબોધન કર્યું હતું.

● ભાજપના જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્યો શંકુતલાબેન પટેલ, જયેશ પટેલ અને નવિનભાઈ પટેલ પંચાયત સંકુલમાં બપોર બાદ અધિકારીઓને મળવા આવ્યા હતા.

# સેન્ટ ઝેવિયર્સના ૧૩ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ

શિક્ષણ બોર્ડ દ્વારા ગત ઑકટોબર મહિનામાં લેવાયેલી વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૩ની પરીક્ષામાં સેંટ ઝેવિયર્સ શાળાના નીચેના ૧૩ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે. શાળા પરિવાર તેમને હાર્દિક શુભેચ્છા પાઠવી છે.

| નામ | માર્કસ | | |
|---|---|---|---|
| | | પંડ્યા શ્લોક | ૫૮૧/૬૫૦ |
| થાનકી ઈશિતા | ૬૨૦/૬૫૦ | ભોઈરા મરિયમ | ૫૬૮/૬૫૦ |
| શ્રોફ લીપ્સા | ૬૦૪/૬૫૦ | પટેલ વિધિ | ૬૪૭/૭૦૦ |
| મૌસમ મહેસા | ૬૦૩/૬૫૦ | ભાવસાર દેવાંશી | ૬૪૫/૭૦૦ |
| શર્મા સ્તુતિ | ૫૯૬/૬૫૦ | માકડિયા જીલ | ૬૪૦/૭૦૦ |
| શાહ માર્ગી | ૫૯૩/૬૫૦ | વ્યાસ હરિલ | ૯૩૯/૭૦૦ |
| શાહ મનીષ | ૫૯૦/૬૫૦ | મહેતા શ્રેયા | ૬૨૧/૭૦૦ |

# વિકાસનો માપદંડ શિક્ષણ સંસ્કાર : ચુડાસમાનો મત

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ દેશના વિકાસનો માપદંડ શિક્ષણ સંસ્કાર છે તેમ સ્પષ્ટ પણે જણાવતા કહ્યું કે, આપણી શિક્ષણ પ્રથા બાળકના એકાંગી વિકાસ નહીં સર્વાંગી વિકાસની હોય તે આવશ્યક છે. ગુજરાતે આ દિશામાં નવતર પહેલ શાળા નામાંકન માટે પ્રવેશોત્સવ, ગુણોત્સવ, શાળા આરોગ્ય તપાસણી જેવા અનેકવિધ આયામોથી કરીને દેશના શિક્ષણ જગતને નવો રાહ ચિંધ્યો છે. તેનું આ ૬ ચરણ પણ સૌના સહયોગથી સફળતાને મુખ્ય સચિવ સુજિત ગુલાટીએમ સમગ્ર અભિયાનની વિસ્તૃત છણાવટ કરતું પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યું હતું. મંત્રીમંડળના મંત્રીઓ ઉચ્ચ શિક્ષણ રાજયમંત્રી વસુબહેન ત્રિવેદી નાનુભાઈ વાનાણી સહિત મુખ્ય સચિવ જી.આર.અલોરિયા વરિષ્ઠ સચિવઓ, આઈપીએસ, આઈએફએસ અફસરો પદાધિકારીઓ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.





**ચખ દે ઈન્ડિયા....!!!** ભારતની રાષ્ટ્રીય રમત હૉકી રમતાં બાળકોને જોઈ અવશ્ય આનંદ થાય. આજનાં ટેકનોલોજી અને ક્રિકેટ ફીવર યુગમાં પાટનગરનાં બાળકો જેઓ દેશની આવતીકાલ છે. તેઓ આપણી રાષ્ટ્રીય રમતને આટલો પ્રેમ કરે છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

# મેડિકલ ટુરિઝમને પ્રોત્સાહન આપવાની નીતિ જાહેર કરાશે

## ૧૫ દિવસમાં જ પોલિસીની જાહેરાત થશે : નીતિન પટેલ

અમદાવાદ, તા.૨૮

મેડિકલ ટ્યુરિઝમને પ્રોત્સાહન આપવા માટે ટૂંક સમયમાં જ નવી હેલ્થ પોલિસીની જાહેરાત કરવા ગુજરાત સરકાર વિચારી રહી છે. રાજ્યના આરોગ્યમંત્રી નીતિન પટેલ આ અંગેનો સંકેત આપી ચુક્યા છે. આ સંદર્ભમાં અમદાવાદમાં આરોગ્ય પ્રધાનના નેતૃત્વમાં મહત્વપૂર્ણ બેઠક મળી હતી જેમાં પોલિસીના સંદર્ભમાં વાતચીત થઈ હતી.

છેલ્લા કેટલાક વર્ષોથી મેડિકલના એમબીબીએસ અભ્યાસક્રમની બેઠકો ઓછી હોવાની ફરિયાદો ઉઠતા ગુજરાત સરકારે નવી મેડિકલ કોલેજો શરૂ કરવાના માટે તનતોડ પ્રયાસ હાથ ધર્યા હતા. મેડિકલ કોલેજોની સંખ્યા વધ્યા પછી પણ મેડિકલ ટુરિઝમને જોઈએ તેટલું પ્રોત્સાહન મળતા ગુજરાત સરકારે ખાસ મેડિકલ પોલિસી ઘડવાની તૈયારી હાથ ધરી દીધી છે. તૈયારીઓના ભાગરુપે અમદાવાદના શાહીબાગ વિસ્તારના એનેક્ષી ભવન ખાતે આરોગ્યમંત્રી નીતિન પટેલની હાજરીમાં એક બેઠક મળી હતી. બેઠકમાં રાજ્યની ખાનગી હોસ્પિટલના સંચાલકો, સરકારી હોસ્પિટલના તબીબો, ડિરેક્ટર સહિતના નિષ્ણાતો હાજર રહ્યા હતા. રાજ્યમાં નિષ્ણાંત તબીબો છે, પણ હોસ્પિટલ અને સાધનોના અભાવે દર્દીઓ અન્ય રાજ્યમાં જતા રહે છે.

ગુજરાતના એનઆરઆઈ કે સમૃદ્ધ ગુજરાતીઓ અન્ય રાજ્યમાં જઈને સારવાર કરાવે છે. આવા સંજોગોમાં ગુજરાતમાં હેલ્થ પોલિસી લાવીને હોસ્પિટલ ખોલવા માટે સહાય કરાશે. સરકાર હોસ્પિટલ સાથે આધુનિક સાધનો વસાવવા માટે સહાય કરશે. સહાય કેવા પ્રકારની કેવી રીતે મળશે તેની જાહેરાત પોલિસીમાં કરવામાં આવશે.

## આજે ભાજપ યુવા મોરચાની યાત્રા

૨૯મી ડીસેમ્બરના રોજ શહેર યુવા મોરચા દ્વારા સાંજે ૪.૩૦ કલાકે આશ્રમ રોડ ખાતે ટાઉનહોલથી ઈન્કમટેક્ષ સર્કલ સુધી એક વિકાસકુચ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. બાજપાઈની ૯૧મી જન્મ જંયતિની ઉજવણીના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટી દ્વારા અનેક પ્રજાલક્ષી કાર્યોનો સંદેશ જનજન સુધી પહોંચાડવા સુશાસન સંદેશ સપ્તાહનું આયોજન કરાયેલ છે. અટલ બિહારી બાજપાઈના શાસન દરમિયાન થયેલા વિકાસના અનેક કાર્યો જેવા કે ગોલ્ડન ક્વાડ્રીલેટરલ હાઈવે, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, કિસાન ક્રેડીટ કાર્ડ તથા વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા અમલમાં મુકવામાં આવેલ પ્રજાલક્ષી કાર્યોજેવા કે જનધન યોજના, વગેરેની માહિતી પ્રજાનાં તમામ વર્ગો સુધી પહોચાડવાનાં પ્રયાસનાં ભાગરૂપે આ વિકાસકૂચનું આયોજન કરાયેલ છે.

# સ્માર્ટ સીટી અંગે અગ્રણીઓ મુખ્ય સચિવ સાથે જરૂરી મુદ્દાઓની ચર્ચા કરશે

## શહેરની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ કલેકટર તેમજ મ્યુનિ. કમિશનરને પણ મળશે

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવાના શમણાં સેવાઈ રહયા છે. ત્યારે સ્માર્ટ સીટીનુ નિર્માણ કરવા માટે નગરજનો દ્વારા સરકારને સુચનો આપવામાં આવી રહયા છે. નગરના પ્રબુધ્ધ નાગરિકો પણ સ્માર્ટ સીટીના પ્રોજેકટને અનુલક્ષી ઉત્સુક બન્યા છે. નગરની વિવિધ સંસ્થાના અગ્રણીઓ આ મામલે ચીફ સેક્રેટરી સમક્ષ ટુંકમાં જરૂરી મુદ્દાઓ અંગે રજુઆત કરશે.

ગાંધીનગર શહેરને સ્માર્ટ સીટી બનાવવાના સોહામણા સ્વપ્નો સેવાઈ રહયા છે. ત્યારે નગરજનો પણ શહેરને સ્માર્ટ સીટી બનાવાના પ્રોજેકટને અનુલક્ષી ઉત્સુક છે. શહેરમાં સ્માર્ટ સીટીની વાતો આમ નાગરિકોના મોઢે ચર્ચાનો વિષય બની છે. ત્યારે ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે શુ કરવુ જોઈએ તે અંગેના સુચનો પણ આમ નાગરિકોની જીભે રમતા થયા છે. સરકાર કક્ષાએથી પણ જરૂરી સુચનો કરવા નાગરિકોને અપીલ કરવામાં આવી રહી છે. ત્યારે શહેરના વિકાસ કામોના પાયામાં રહેલી વિવિધ સંસ્થાઓ પણ આ મામલે ઉત્સુક બની છે. શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે સંસ્થાઓ દ્વારા જરૂરી સુચનો કરવામાં આવ્યા છે. નગરની શુભ ચિંતક સંસ્થા શહેર વસાહત મહામંડળ દ્વારા પણ સ્માર્ટ સીટી અંગે વિવિધ ૩૩ જેટલા સુચનો કરવામાં આવ્યા હતા. શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે દબાણ તેમજ ગંદકી સહીતના પ્રશ્નો ઉકેલાય તે અનિવાર્ય બન્યુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આગામી દિવસોમાં નગરની વિવિધ સંસ્થાઓ શહેર વસાહત મહામંડળ, સિનિયર સીટીઝન કાઉન્સિલ, જાગૃત નાગરિક પરિષદ ના પ્રતિનિધિઓ ચીફ સેક્રેટરી , જિલ્લા કલેકટર તેમજ મ્યુનિસિપલ કમિશ્નરને મળશે. શહેરના અગ્રણીઓ દ્વારા ચીફ સેક્રેટરીને મળી આ અંગે રજુઆત કરશે.

# શહેરમાં કોંગ્રેસનો સ્થાપના દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના ૧૩૧મા સ્થાપના દિવસ અને આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે સને ૧૮૮૫ માં અગ્રેજ સલ્તનતના નિવૃત્ત ગૌરવવંતા દિવસે દેશને એકતા અને અખંડીતતા માટે સહીદી વહોરનાર રાષ્ટ્રની વિરલ વિભૂતિઓને યાદ કરીને તેમના ચિંધેલા માર્ગે મક્કમ



કોંગ્રેસ સેવાદળના ૯૧માં સ્થાપના દિવસની ગાંધીનગર ખાતે સંયુક્ત ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે પ્રદેશ પ્રવક્તા-મહામંત્રી નીશીત વ્યાસ, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ કૌશિક શાહ, અને વરિષ્ઠ આગેવાનોની ઉપસ્થિતિમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ કોંગ્રેસ કાર્યાલય સેક્ટર-૨૨ ખાતે કોંગ્રેસનો રેંટિયા ધારી ધ્વજ ફરકાવ્યો હતો. જેને ઉપસ્થિત સૌ આગેવાનો-કાર્યકરોએ સલામી આપી હતી. અધિકારી એલન ઓકટોવિયો હ્યુમ દ્વારા અખિલ હિન્દ રાષ્ટ્રીય મહાસભા-કોંગ્રેસની સ્થાપના કરવામાં આવી હતી. જેનો હેતુ તત્કાલીન સરકાર પ્રજાને અધિકારોને સ્વીકારે અને પ્રજા અંગ્રેજ સરકારને સહયોગ આપે તે હતો. આમ આઝાદી પૂર્વે દેશ અને પ્રજા માટે કૈક કરી છૂટવાની ભાવના સાથે રચાયેલ કોંગ્રેસ પક્ષના ૧૩૧મા સ્થાપના દિને જિલ્લા કોંગ્રેસ સૌ જિલ્લા વાસીઓને અભિનંદન, ધન્યવાદ, અને શુભકામના પાઠવે છે. તેમજ સૌ કોંગ્રેસ જનમિત્રોને આ નિર્ધાર સાથે અડગ ડગ ભરવા હાકલ કરી હતી.આ ઉજવણી પ્રસંગે જિલ્લા કોંગ્રેસ સેવાદળના પ્રમુખ ગાંડાજી ઠાકોર અને શહેર કોંગ્રેસ સેવાદળના પ્રમુખ મુકેશ મારૂ સહીત અન્ય હોદ્દેદારોએ ધ્વજ વંદન કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. જેમાં જિલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો, નગરપાલિકા-તાલુકા-જિલ્લા પંચાયતના પદાધીકારીશ્રીઓ, યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવાદળ અને NSUI સહીતના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

